# 7 ભારતમાં કેન્દ્ર અને રાજ્યકક્ષાએ ધારાસભા

U7Z7A1

અગાઉના સમયમાં રાજા જ કાયદા ઘડતા, રાજા જ કાયદાનો અમલ કરતા અથવા તેના અધિકારીઓ મારફતે અમલ કરાવતા અને રાજા જ ન્યાય આપતા. જેમ-જેમ રાજ્યો મોટાં થતાં ગયાં તેમ આ ત્રણે કાર્યો રાજા એકલે હાથે કરી શકે તે શક્ય રહ્યું નહિ. આથી આ કાર્યો તેણે પસંદ કરેલા અને તેને જવાબદાર એવા અધિકારીઓ દ્વારા થવા લાગ્યાં પણ તેમાં રાજાની ઇચ્છા સર્વોપરી અને અંતિમ ગણાતી. જો આ ત્રણે કાર્યો કરવાની સત્તા એક જ વ્યક્તિ (રાજા અથવા સમ્રાટ)ના હાથમાં કેન્દ્રિત થાય તો તેનો દુરુપયોગ થવાની સંભાવના છે. રાજાએ આખરે તો લોકોનાં હિત અને કલ્યાણ માટે શાસન કરવાનું છે.

**સત્તાવિશ્લેષનો સિદ્ધાંત**

જો રાજ્ય (સરકાર)ની સત્તાનો ત્રણ શાખા અથવા અંગોમાં વિશ્લેષ કરવામાં આવે તો આ સત્તાનો દુરુપયોગ થવાની સંભાવના ઘટે, આ સંદર્ભમાં મોન્તેસ્ક જેવા પશ્ચિમી ચિંતકોએ 'સત્તાવિશ્લેષ'નો સિદ્ધાંત રજૂ કર્યો. આ સિદ્ધાંત અનુસાર રાજ્ય વતી સરકાર જે કાર્યો કરે છે, તે એકબીજાથી જુદા છે. એટલે જુદાં-જુદાં અંગો દ્વારા એ કાર્યો થવાં જોઈએ. દરેક અંગે પોતાનું કાર્ય કરવું જોઈએ, બીજાના કામમાં દરમિયાનગીરી ન કરવી જોઈએ, જો આમ કરવામાં આવે તો સત્તાનું કેન્દ્રીકરણ અમુક વ્યક્તિ કે કેટલીક વ્યક્તિઓમાં ન થાય. પરિણામે સત્તાનો દુરુપયોગ થવાની સંભાવના ઘટે.

**સરકારનાં અંગો**

**સરકારનાં ત્રણ અંગો**

↓

↓ ધારાસભા ↓ કારોબારી ↓ ન્યાયતંત્ર

દરેક રાજ્ય ચોક્કસ ધ્યેયો કે હેતુઓ સિદ્ધ કરવા માંગતું હોય છે. રાજ્યનાં ધ્યેયો-હેતુઓને સરકાર સરળતાથી અને યોગ્ય રીતે સિદ્ધ કરી શકે તે માટે તેનું ત્રણ શાખાઓમાં વિભાજન કરવામાં આવે છે. આ ત્રણ શાખાઓ કે અંગો આ પ્રમાણે છે : (1) ધારાસભા (2) કારોબારી અને (3) ન્યાયતંત્ર. આ દરેક શાખાને ચોક્કસ કાર્ય સોંપવામાં આવે છે.

ધારાસભાનું મુખ્ય કાર્ય કાયદા ઘડવાનું છે. કારોબારીનું મુખ્ય કાર્ય ધારાસભાએ ઘડેલા કાયદાઓનો અમલ કરવાનું છે અને ન્યાયતંત્રનું મુખ્ય કાર્ય કાયદાઓનું અર્થઘટન કરીને ન્યાય આપવાનું છે. આ ત્રણે શાખાઓમાંથી આપણે આ પ્રકરણમાં ધારાસભાનો વિગતે અભ્યાસ કરીશું.

સરકારની ત્રણ શાખાઓના સંદર્ભમાં સૌથી મહત્ત્વની શાખા તરીકે ધારાસભાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. કારણ કે તે નાગરીકોની ઇચ્છાઓને કાયદાના સ્વરૂપમાં તૈયાર કરે છે. અને આમ કાયદાઓ ઘડીને તે કારોબારી અને ન્યાયતંત્રની કામગીરી માટેનો પાયો પૂરો પાડે છે.

દરેક રાજ્યમાં ધારાસભા અસ્તિત્વ ધરાવતી હોવા છતાં, દરેક રાજ્યમાં ધારાસભાને અલગ અલગ નામે ઓળખવામાં આવે છે. દા.ત., બ્રિટનમાં ધારાસભાને 'પાર્લમેન્ટ', અમેરિકામાં કૉંગ્રેસ, ભારતમાં 'સંસદ'(સ્વિટ્ઝર્લૅન્ડમાં સમવાયી સભા ફેડરેલ એસેમ્બલી) અને જાપાનમાં 'ડાયેટ' તરીકે સંબોધવામાં આવે છે. સામાન્યતઃ પાર્લમેન્ટ શબ્દ વધુ પ્રચલિત છે. આ શબ્દ ફ્રેંચ ભાષાના શબ્દ 'પાર્લેમેન્ટ' પરથી તૈયાર કરવામાં આવ્યો છે. તે શબ્દનો અર્થ થાય છે : 'ચર્ચા માટેનું સ્થળ.' આમ, પાર્લમેન્ટ એટલે એવું સ્થળ જેમાં પ્રજાના પ્રતિનિધિઓ બેસીને ચર્ચા-વિચારણા કરે. ધારાસભાનો અર્થ પણ એવો કરવામાં આવે છે કે, ધારાઓ-કાયદાઓ ઘડવા માટે મળતી સભા તે ધારાસભા.

આ સાથે એ બાબતની નોંધ પણ લેવી જોઈએ કે સમય જતાં બ્રિટન વિશ્વનું સૌથી મોટું સામ્રાજ્ય બન્યું હતું. પરિણામે જ્યારે તેનાં ઘણાં સંસ્થાનો સ્વતંત્ર થયાં ત્યારે તેમની ધારાસભાની રચના બ્રિટિશ પાર્લમેન્ટ દ્વારા થઈ હોવાથી તથા ઘણાં રાજ્યોએ પોત-પોતાની ધારાસભાનું સર્જન કરતી વખતે બ્રિટિશ પાર્લમેન્ટનું અનુકરણ કરીને દ્વિગૃહી ધારાસભા સ્વીકારી હોવાથી બ્રિટિશ પાર્લમેન્ટને 'ધારાસભાઓની માતા' (મધર ઑફ પાર્લમેન્ટ્સ) તરીકે ઓળખવામાં આવે છે.

**ધારાસભાના પ્રકારો અને અર્થ**

મુખ્યત્વે બે પ્રકારની ધારાસભાનો સ્વીકાર થયો છે : (1) એકગૃહી ધારાસભા અને (2) દ્વિગૃહી ધારાસભા.

**એકગૃહી ધારાસભાનો અર્થ :** એકગૃહી ધારાસભા એટલે એવી ધારાસભા જે માત્ર એક જ ગૃહની બનેલ હોય. ભૂતકાળમાં ગ્રેટ બ્રિટન, ફ્રાન્સ વગેરે રાજ્યોમાં ધારાસભા એકગૃહી હતી. પરંતુ સમય જતાં તમામ રાજ્યોએ દ્વિગૃહી ધારાસભાનો સ્વીકાર કર્યો છે. આજે એકગૃહી ધારાસભા લગભગ અસ્તિત્વ ધરાવતી નથી.

**દ્વિગૃહી ધારાસભાનો અર્થ :** દ્વિગૃહી ધારાસભા એટલે એવી ધારાસભા જે બે ગૃહ ધરાવતી હોય. આધુનિક લોકશાહીમાં જે ગૃહમાં પ્રજા દ્વારા પ્રત્યક્ષ રીતે ચૂંટાઈને ધારાસભ્યો બેસે છે. તેને પ્રથમ ગૃહ અને જે ગૃહમાં પરોક્ષ ચૂંટણી, નિમણૂક કે વારસાગત પદ્ધતિથી ધારાસભ્યોને મોકલવામાં આવે છે. તેને બીજા ગૃહ તરીકે સંબોધવામાં આવે છે.

**ધારાસભાનાં કાર્યો**

સરકારના એક મહત્ત્વપૂર્ણ અંગ તરીકે ધારાસભા અનેકવિધ કાર્યો કરે છે જે આ મુજબ છે :

**(1) ધારાકીય કાર્ય :** ધારાસભાનું મુખ્ય કાર્ય ધારા/કાયદા ઘડતરનું છે. બદલાતા સમય કે સંજોગો અનુસાર નવા કાયદાઓનું ઘડતર, અસ્તિત્વ ધરાવતા કાયદામાં પરિવર્તન તેમજ બિનજરૂરી કાયદાઓને દૂર કરવાનું કાર્ય કરે છે. વટહુકમને મંજૂર કે નામંજૂર પણ કરે છે.

**(2) નાણાકીય કાર્ય :** ધારાસભા દેશનાં જાહેર નાણાંની રખેવાળ (કસ્ટોડિયન) ગણાય છે. અંદાજપત્રને મંજૂરી તથા કરવેરાની દરખાસ્તો, નાણાકીય ખર્ચ માટે ધારાસભાની મંજૂરી અનિવાર્ય છે.

**(3) ન્યાયવિષયક કાર્ય :** ધારાસભા કેટલાંક ન્યાયવિષયક કાર્યો પણ કરે છે. જેમ કે, ભારતમાં રાષ્ટ્રપતિ ઉપરાષ્ટ્રપતિ, સર્વોચ્ચ અદાલત, વડીઅદાલતોના ન્યાયાધીશો, ચૂંટણી કમિશનર વગેરે પર મહાભિયોગ દ્વારા હોદ્દા પરથી દૂર કરવાની સત્તા ધરાવે છે.

**(4) ચૂંટણીવિષયક કાર્ય :** રાજ્યના મુખ્ય પદાધિકારીઓ જેવા કે રાષ્ટ્રપતિ-ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી અંગેના મતદારમંડળનું કાર્ય ધારાસભા કરે છે.

**(5) બંધારણસભાનું કાર્ય :** ધારાસભા આ કાર્ય બે સ્વરૂપે કરે છે : (i) સ્વતંત્ર દેશનું બંધારણ-ઘડતર કરીને તથા (ii) બંધારણીય સુધારા દ્વારા.

**(6) કારોબારી પર નિયંત્રણ કે અંકુશનું કાર્ય :** સંસદમાં પ્રશ્નો-પેટાપ્રશ્નો, ઠપકાની દરખાસ્ત, અવિશ્વાસની દરખાસ્ત પસાર કરીને ધારાસભા સરકારને રાજીનામું આપવાની ફરજ પાડી શકે છે.

**(7) ચર્ચા-વિચારણા તેમજ લોકમતનું ઘડતર :** ધારાસભામાં લોકોનું પ્રતિનિધિત્વ આ પ્રતિનિધિઓ લોકોની આકાંક્ષાઓ, અપેક્ષાઓનું પ્રતિબિંબ પાડે છે. લોકમતની અભિવ્યક્તિ તેમાં થાય છે. આ રીતે તે ચર્ચા-વિચારણા દ્વારા પ્રજાના આક્રોશને વ્યક્ત કરનાર 'સેફ્ટી વાલ્વ'ની મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આમ, ધારાસભાનું કાર્ય માત્ર કાયદા ઘડવા પૂરતું સીમિત કે મર્યાદિત નથી પરંતુ તે ઘણાં અન્ય મહત્ત્વનાં કાર્યો પણ કરે છે.

**ધારાસભાનું મહત્ત્વ**

લોકશાહી દેશોમાં ધારાસભાનું આગવું મહત્ત્વ છે. ધારાસભા માત્ર કેવળ કાયદો ઘડનાર સંસ્થા જ નથી. પરંતુ તે તમામ

લોકતાંત્રિક રાજકીય પ્રક્રિયાઓનું મહત્ત્વનું કેન્દ્ર છે. ધારાસભામાં અનેક દશ્યો જોવા મળે છે. તેમાં ચર્ચા, બહિષ્કાર, વિરોધ, પ્રદર્શન, સર્વસંમતિ, સહયોગ, સહકાર વગેરે તેને સતત ધબકતી અને જીવંત રાખે છે.

જોકે વાસ્તવિક પ્રતિનિધિત્વવાળી કુશળ અને પ્રભાવી ધારાસભા વિના સાચી લોકશાહીની કલ્પના કરવી પણ અશક્ય છે. ધારાસભા જનપ્રતિનિધિઓને નાગરિક પ્રત્યેની ફરજો, ઉત્તરદાયિત્વ સુનિશ્ચિત કરાવે છે. આ રીતે ધારાસભા પ્રતિનિધિયુક્ત લોકશાહીનો આધાર છે.

### કેન્દ્ર અને રાજ્યકક્ષાએ ધારાસભા

આ પ્રકરણમાં આપણે (અ) કેન્દ્ર કક્ષાએ ધારાસભા (સંસદ) તથા (બ) રાજ્ય કક્ષાએ ધારાસભા (વિધાનસભા)નો ખ્યાલ મેળવીશું.

**(અ) કેન્દ્ર કક્ષાએ ધારાસભા (સંસદ) :** 1950ના 26મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક ભારતના બંધારણનો અમલ શરૂ થયો, ત્યારે બંધારણસભા કામચલાઉ ધારાસભામાં ફેરવાઈ ગઈ. 1952માં પ્રથમ સામાન્ય ચૂંટણી થઈ ત્યાં સુધી તેની કામગીરી ચાલુ રહી. પ્રથમ સામાન્ય ચૂંટણી દ્વારા બંધારણની જોગવાઈ પ્રમાણે પુખ્તવય મતાધિકાર દ્વારા ચૂંટાયેલ સંસદસભ્યોની પ્રથમ લોકસભા અસ્તિત્ત્વમાં આવી. આપણા બંધારણમાં કલમ 79થી કલમ 123 દ્વારા સંસદ સંબંધેની જોગવાઈઓ કરવામાં આવી છે. ભારતની સંસદ રાષ્ટ્રપતિ સહિત બે ગૃહોની બનેલી છે. કાયદા માટે તૈયાર કરવામાં આવતો ખરડો બંને ગૃહોમાંથી ત્રણ વાચન બાદ પસાર કરવો જરૂરી છે. ત્યાર બાદ રાષ્ટ્રપતિ સંમતિ આપતા તે કાયદો બને છે. ભારતની સંસદ બ્રિટિશ સંસદ જેટલી સર્વોપરિતા ધરાવતી નથી.

### ભારતની સંસદની રચના

આપણી સંસદ બે ગૃહોની બનેલી છે. આ બે ગૃહો : (1) લોકસભા અને (2) રાજ્યસભા.

લોકસભા કે જેને પ્રથમ ગૃહ કે નીચલા ગૃહ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમાં લોકો દ્વારા પ્રત્યક્ષ રીતે ચૂંટાયેલા પ્રતિનિધિઓ બેસે છે. જ્યારે રાજ્યસભા કે જેને 'બીજા ગૃહ' કે 'ઉપલા ગૃહ' તરીકે ઓળખવામાં આવે છે. તેમાં રાજ્યની વિધાનસભાઓ દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ બેસે છે. આ બે ગૃહોમાં લોકસભાનું સ્થાન વિશેષ મહત્ત્વનું છે.

**(1) લોકસભા :** લોકો દ્વારા પ્રત્યક્ષ ધોરણે ચૂંટાયેલા પ્રતિનિધિઓનું આ ગૃહ 'લોકસભા' તરીકે ઓળખાય છે. તેના સભ્યોને મતદારો પ્રત્યક્ષ ચૂંટણી દ્વારા ચૂંટતા હોવાથી તેને પ્રજાકીય ગૃહ તરીકે પણ ઓળખવામાં આવે છે. પ્રથમ લોકસભાની રચના 17 એપ્રિલ, 1952માં થયેલી. ત્યારથી મે 2014 સુધી કુલ 16 લોકસભાની રચના થઈ છે.

બંધારણ દ્વારા લોકસભાની સભ્યસંખ્યા પણ નક્કી કરવામાં આવી છે. 1976ના 42મા બંધારણીય સુધારા દ્વારા એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે દરેક રાજ્યને વસ્તીના ધોરણે પ્રતિનિધિઓની ફાળવણી કરી લોકસભાની સભ્યસંખ્યા રાખવી. બંધારણની જોગવાઈ અનુસાર લોકસભાની સભ્યસંખ્યા વધુમાં વધુ 552 હોઈ શકે છે. તેમાંથી 530 સભ્યો એકમ રાજ્યોમાંથી પ્રત્યક્ષ ચૂંટણી દ્વારા ચૂંટાય, જ્યારે બાકીના 20 સભ્યો કેન્દ્રશાસિત વિસ્તારોમાંથી ચૂંટાય છે. આ ઉપરાંત, જો રાષ્ટ્રપતિને એમ જણાય કે ઍંગ્લો ઈન્ડિયન સમુદાયને યોગ્ય પ્રતિનિધિત્વ મળ્યું નથી, તો આ સમુદાયની બે વ્યક્તિઓની તેઓ લોકસભામાં નિમણૂક કરવાની સત્તા ધરાવે છે.

### સભ્યપદની લાયકાતો

લોકસભાના સભ્યપદ અંગેની લાયકાતો નીચે મુજબ છે, તે વ્યક્તિ

(i) ભારતની નાગરિક હોવી જોઈએ.

(ii) તેણે 25 વર્ષ પૂરાં કરેલાં હોવાં જોઈએ.

(iii) વખતોવખત સંસદ કાયદો ઘડીને આ સંબંધે જે લાયકાતો નક્કી કરે તે ધરાવતી હોવી જોઈએ.

(iv) ન્યાયાલય દ્વારા નાદાર કે માનસિક રીતે અસ્થિર જાહેર કરાયેલ ન હોવી જોઈએ.

(v) કેન્દ્ર કે રાજ્ય સરકારમાં સવેતન હોદ્દો ધરાવતી ન હોવી જોઈએ.

(vi) ન્યાયાલય દ્વારા ગુનેગાર પુરવાર થયેલી ન હોવી જોઈએ.

**કોરમ :** લોકસભામાં કુલ સભ્યોમાંથી ઓછામાં ઓછા $\frac{1}{10}$ ભાગના સભ્યો હાજર હોય તો જ સભામાં કામકાજ થઈ શકે છે. આ સંખ્યાને 'કોરમ' અથવા 'કાર્યસાધક સંખ્યા' કહે છે.

**લોકસભાની મુદત :** સામાન્ય રીતે આ ગૃહની મુદત પાંચ વર્ષની છે. વિશેષ સંજોગોમાં રાષ્ટ્રપતિ એક વર્ષ માટે મુદત લંબાવી શકે છે. દેશમાં કટોકટી હોય ત્યારે પણ મુદતમાં વધારો કરી શકાય છે. જોકે કટોકટીનો અંત આવ્યા બાદ છ માસથી વધુ સમય માટે મુદત લંબાવી શકાય નહિ. 1976ની રાષ્ટ્રીય કટોકટીમાં લોકસભાની મુદતમાં એક વર્ષનો વધારો કરવામાં આવ્યો હતો અને આજ વર્ષે એટલે કે 1976માં 42માં બંધારણીય સુધારા દ્વારા લોકસભાની સમયમર્યાદા છ વર્ષની કરવામાં આવી હતી. પરંતુ 1978માં 44માં બંધારણીય સુધારા દ્વારા તેની સમયમર્યાદા ફરીથી પાંચ વર્ષની કરવામાં આવી છે.

લોકસભા ગૃહની મુદત પાંચ વર્ષની નક્કી કરવામાં આવી હોવા છતાં પણ ગૃહની મુદત દરમિયાન અવિશ્વાસની દરખાસ્ત પસાર થાય અથવા વડાપ્રધાન તેમજ તેમના પ્રધાનમંડળને એવું લાગે કે હવે ગૃહ ચાલી શકે તેમ નથી અને તેવી સલાહ રાષ્ટ્રપતિને આપે તો રાષ્ટ્રપતિ ગૃહ વિખેરી નાંખે છે અને નવી ચૂંટણીઓ યોજવા આદેશ આપે છે. આપણી લોકસભાના ઇતિહાસમાં આવું અનેક વખત બન્યું છે અને લોકસભાની મુદત પૂરી થતાં પહેલાં તેનું વિસર્જન કરવામાં આવ્યું છે.

**સત્ર :** ગૃહનાં સત્રો વર્ષમાં ઓછામાં ઓછી બેવાર બોલાવવાં પડે છે. બે સત્રો વચ્ચે છ માસ કરતાં વધુ સમય પસાર ન થવો જોઈએ. સામાન્ય રીતે આપણે ત્યાં વર્ષમાં ત્રણવાર સત્રો બોલાવવાની પ્રથા છે. રાષ્ટ્રપતિને બેઠકો બોલાવવાનો, બેઠકની મુદત વધારવાનો કે ઘટાડવાનો તેમજ બેઠકને મુલતવી કે બરખાસ્ત કરવાનો અધિકાર છે. ગૃહના અધ્યક્ષ તેમના નામે આ જાહેરાતો ગૃહમાં કરે છે. કટોકટીના સમયે રાષ્ટ્રપતિ તાત્કાલિક બેઠક બોલાવી શકે છે. ક્યારેક રાષ્ટ્રપતિના આદેશ અનુસાર અધ્યક્ષ ખાસ સત્ર પણ બોલાવે છે. જેમ કે આઝાદીનાં પચાસ વર્ષની સુવર્ણ જયંતી ઉજવણી. સામાન્ય રીતે રાષ્ટ્રપતિ દર વખતે પ્રારંભિક બેઠકમાં હાજરી આપે છે અને પોતાનું પ્રવચન કરે છે. આ ગૃહની કાર્યવાહી સામાન્ય રીતે અંગ્રેજી તેમજ હિન્દી ભાષામાં ચાલે છે. સંસદસભ્ય પોતાની માતૃભાષાનો ઉપયોગ ગૃહના અધ્યક્ષની પૂર્વ પરવાનગીથી કરી શકે છે.

**સંસદ સભ્યોના વિશેષાધિકાર**

સંસદસભ્યો પ્રજાના પ્રતિનિધિ તરીકે પ્રજાના પ્રશ્નોને વાચા આપતા હોય છે. તેઓ તેમની ફરજો ભય કે કોઈની શેહશરમ વિના બજાવી શકે તે સારુ તેમને કેટલાક વિશેષ અધિકારો પણ બક્ષવામાં આવ્યા છે. જેમકે : વાણીસ્વાતંત્ર્યનો હક, નિર્ભયપણે મતદાનનો હક, પ્રકાશન પ્રવૃત્તિનો હક તેમજ કેટલાક સંજોગોમાં ધરપકડમાંથી મુક્તિનો વિશેષાધિકાર પ્રાપ્ત છે.

લોકસભાની ચૂંટણી પછી જો રાષ્ટ્રપતિને એમ જણાય કે એંગ્લો ઇન્ડિયન સમુદાયને યોગ્ય પ્રતિનિધિત્વ મળ્યું નથી, તો આ સમુદાયની બે વ્યક્તિઓની તેઓ લોકસભામાં નિમણૂક કરવાની સત્તા ધરાવે છે.

**લોકસભાગૃહના પદાધિકારીઓ (અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષ) :** આ ગૃહની કાર્યવાહી સુચારુ ઢબે ચાલે તે સારુ બંધારણની કલમ 93 મુજબ અધ્યક્ષ (સ્પીકર) તેમજ ઉપાધ્યક્ષ (ડેપ્યુટી સ્પીકર)ની જોગવાઈ કરવામાં આવી છે. લોકસભાની પ્રથમ બેઠકમાં ગૃહના સભ્યો અધ્યક્ષ તેમજ ઉપાધ્યક્ષની ચૂંટણી બહુમતીથી કરે છે. પ્રણાલી મુજબ બહુમતી ધરાવતા પક્ષના સભ્ય અધ્યક્ષ તરીકે ચૂંટાય છે અને વિરોધ પક્ષના સભ્ય ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાય છે. ક્યારેક બંને પદોની ચૂંટણી સર્વાનુમતે થાય છે. અધ્યક્ષની ગેરહાજરીમાં તેમની કામગીરી ઉપાધ્યક્ષ બજાવે છે.

**લોકસભાના અધ્યક્ષનું સ્થાન તથા કાર્યો :** લોકસભાના અધ્યક્ષનો હોદ્દો ગૌરવપૂર્ણ છે અને તેમનું સ્થાન ન્યાયાધીશ જેવું તટસ્થ અને નિષ્પક્ષ રાખવામાં આવ્યું છે. અધ્યક્ષનું મુખ્ય કાર્ય લોકસભા સત્રનું સંચાલન કરવાનું છે. ગૃહના કામકાજમાં કોઈ વિક્ષેપ ન પડે તે માટેની જવાબદારી અધ્યક્ષની છે. તેઓ ગૃહના અધ્યક્ષ બન્યા પછી પક્ષીય રાજકારણથી પર થઈ

જાય છે. તેમનું સ્થાન ક્રિકેટમેચના અમ્પાયર જેવું છે. ગૃહમાં સરખા મત પડે ત્યારે તે પોતાનો નિર્ણયાત્મક મત (કાસ્ટિંગ વોટ) આપે છે. ખરડો નાણાકીય છે કે નહિ તે અંગેનું પ્રમાણપત્ર આપવાની સત્તા પણ તેમને છે. વિવિધ દરખાસ્તોને ચર્ચા માટે મંજૂરી આપવાની અને કાર્યવાહીના નિયમોનું અર્થઘટન કરવાની તેમને સત્તા છે. ગૃહના સભ્યોને ક્રમશઃ તેમના મંતવ્યો રજૂ કરવાની પરવાનગી આપે છે. સભ્યોને ગેરવર્તાવ માટે ગૃહમાંથી બરતરફ કરી શકે છે.

અધ્યક્ષની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષ ગૃહની કાર્યવાહીનું સંચાલન કરે છે. અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ગેરહાજરીમાં ગૃહના સંચાલન સંબંધે વિવિધ પક્ષોના પીઢ, અનુભવી, સંસદીય પ્રક્રિયાના તજ્જ્ઞ સભ્યોની એક પેનલ તૈયાર કરવામાં આવી હોય છે. જેને 'સ્પીકર્સ પેનલ' કહે છે. તેના સભ્ય બંનેની ગેરહાજરીમાં ગૃહની કામગીરી સંભાળે છે.

### કાયદા - ઘડતરની પ્રક્રિયા

ધારાસભા અનેક કાર્યો કરે છે જેમાં કાયદાનું ઘડતર કરવાનું કાર્ય ખૂબ જ અગત્યનું છે. ધારાસભામાં રજૂ થયેલ ખરડો કાયદાનું સ્વરૂપ લે તે પહેલાં તેણે ચોક્કસ કાર્યવાહીમાંથી પસાર થવું પડે છે. સંસદીય અને પ્રમુખીય તંત્રોમાં કાયદા માટેની કાર્યવાહી ભિન્ન હોય છે. જ્યાં સંસદીય તંત્રનો સ્વીકાર કરવામાં આવ્યો છે. દા.ત.,, બ્રિટન તથા ભારત, ત્યાં ખરડાને કાયદો બનાવવા માટે આ પ્રમાણેની કાર્યવાહીમાંથી પસાર કરવો પડે છે.

ધારાસભા દ્વિગૃહી હોય તો નાણાકીય ખરડા સિવાય કોઈ પણ ખરડાને કોઈ પણ એક ગૃહમાં રજૂ કરી શકાય છે. પરંતુ મોટા ભાગે તો ધારાસભાના પ્રથમ ગૃહમાં જ ખરડાને રજૂ કરવામાં આવે છે. આ માટે સૌપ્રથમ ખરડાનો મુસદ્દો તૈયાર કરવામાં આવે છે.

### પ્રથમ વાચન

મોટા ભાગે ખરડાઓ પ્રધાનો દ્વારા જ રજૂ થતા હોય છે. પ્રધાન ખરડાને રજૂ કરવા માટે ગૃહની મંજૂરી માંગે છે. મંજૂરી મળતાં ગૃહના અધ્યક્ષ તેને ખરડો રજૂ કરવાનું કહે છે. તેમાં ખરડાનું શીર્ષક, તેના હેતુ વગેરેની સ્પષ્ટતા કરવામાં આવે છે. આ પ્રક્રિયા પૂરી થતાં ખરડા ઉપરનું પ્રથમ વાચન પૂરું થયું તેમ ગણવામાં આવે છે. આ તબક્કે ખરડા ઉપર ખાસ ચર્ચા થતી નથી. માત્ર ખરડો કઈ બાબતને સ્પર્શે છે તેનો ખ્યાલ આપવામાં આવે છે.

### બીજું વાચન

પ્રથમ વાચન દરમિયાન જ બીજા વાચન માટેનો દિવસ નક્કી કરવામાં આવે છે. પરિણામે નક્કી થયેલ દિવસે બીજું વાચન કરવામાં આવે છે. આ તબક્કો ખૂબ જ અગત્યનો ગણાય છે. કારણ કે આ તબક્કે ખૂબ ચર્ચાવિમર્શ થાય છે અને શક્ય તેટલા પ્રમાણમાં આખરી સ્વરૂપ આપવાનો પ્રયાસ કરવામાં આવે છે. ચર્ચા દરમિયાન ખરડાનો વિરોધ કરનારાઓ તેમાં સુધારા સૂચવે છે. જ્યારે ખરડાના ટેકેદારો જે સુધારાઓ સ્વીકારવા જેવા લાગે તે સ્વીકારે છે. અગર તો જેટલા પ્રમાણમાં સ્વીકારવા યોગ્ય લાગે તેટલા પ્રમાણમાં જ સ્વીકારે છે અથવા તો તેનો અસ્વીકાર પણ કરે છે. ચર્ચા-વિચારણા પૂરી થતાં અધ્યક્ષ તે ખરડાને મતદાન માટે રજૂ કરે છે. જો ખરડાને બહુમતીનો ટેકો મળે તો તે બીજા વાચનમાંથી પસાર થયો ગણાય છે.

જો ખરડો સરકારની નીતિને લગતો હોય અને બીજા વાચનમાંથી તે પસાર ન થઈ શકે તો સરકાર ગૃહમાં બહુમતી ધરાવતી નથી તેમ સાબિત થતાં સંસદીય સરકારની પ્રણાલિકા પ્રમાણે તેણે રાજીનામું આપવું જરૂરી ગણાય છે.

### સમિતિ તબક્કો

ગૃહના કાર્યબોજના કારણે બીજા વાચન દરમિયાન પણ ખરડા પર વિગતે ચર્ચા-વિચારણા થઈ શકતી નથી. તેથી ગૃહની પ્રવર-સમિતિ (સિલેક્ટ કમિટી) સમક્ષ ખરડાને મોકલવામાં આવે છે. સમિતિ તબક્કા દરમિયાન સમિતિના સભ્યો ખરડા પર વિગતે ચર્ચા હાથ ધરે છે. સમિતિ ખરડામાં સુધારા-વધારા સૂચવે છે અને પોતાનો અહેવાલ તૈયાર કરે છે.

### અહેવાલ તબક્કો

પ્રવર-સમિતિ ત્યાર પછી ખરડાને તથા તે પરના પોતાના અહેવાલને ગૃહમાં મોકલી આપે છે. ગૃહના સભ્યો

અહેવાલમાંની ભલામણો પર ચર્ચા કરે છે. સમિતિની જે ભલામણો સ્વીકારવા જેવી લાગે તે સ્વીકારે છે અને પછી ખરડાને ત્રીજા વાચન માટે મંજૂર કરે છે.

### ત્રીજું વાચન

પ્રથમ વાચનની માફક ત્રીજું વાચન પણ ઔપચારિક હોય છે. આ તબક્કા સુધીમાં ખરડાને જે સ્વરૂપ આપવામાં આવ્યું હોય તેમાં આખરી ફેરફાર કરવો હોય તો આ તબક્કે તેમ કરવામાં આવે છે. સામાન્ય રીતે ખરડામાં ખાસ ફેરફાર થતા નથી અને તેને મંજૂર કરવામાં આવે છે.

આ રીતે પ્રથમ ગૃહમાંથી ખરડો પસાર થાય તે પછી તેને બીજા ગૃહમાં એટલે કે રાજ્યસભામાં મોકલવામાં આવે છે. ત્યાં પણ ખરડો ઉપર જણાવેલ તબક્કાઓમાંથી પસાર થાય છે. તે પછી તેને રાજ્યના વડા એટલે કે કેન્દ્ર કક્ષાએ રાષ્ટ્રપતિ અને રાજ્ય કક્ષાએ રાજ્યપાલની મંજૂરી માટે મોકલવામાં આવે છે અને તેમની મંજૂરી મળતાં ખરડો કાયદો બને છે. રાષ્ટ્રપતિ કે રાજ્યપાલ ખરડાને ફેરવિચારણા માટે પાછો મોકલી શકે છે. પરંતુ જો સંસદ એ ખરડાને તેના તે જ સ્વરૂપે પસાર કરીને પાછો મોકલે તો રાષ્ટ્રપતિએ સહી કરવી જ પડે છે.

### વિરોધપક્ષના નેતા

લોકશાહીમાં વિરોધપક્ષનું સ્થાન ખૂબ જ અગત્યનું છે. વિરોધપક્ષને સંસદીય લોકશાહીનું મહત્ત્વનું અંગ ગણવામાં આવે છે. આપણે ત્યાં પણ વિરોધપક્ષના નેતાના હોદ્દાને માનભર્યો દરજ્જો પ્રદાન થયો છે.

લોકસભામાં વિરોધપક્ષના નેતાની ગણના વડાપ્રધાનની સમકક્ષ થાય છે. ગૃહમાં અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર થવાના સંજોગોમાં કે સરકારને રાજીનામું આપવું પડે તેવા સંજોગોમાં નવી સરકાર બનાવવાની જવાબદારી તેમના શિરે છે. આમ તે વડાપ્રધાનને યોગ્ય સ્વરૂપે શાસન ચલાવવા પ્રેરિત કરે છે અને તેના બદલામાં તેને વિરોધ કરવાની બંધારણીય અનુમતિ મળે છે.

ચૂંટણીમાં બહુમતી બેઠકો મેળવનાર પક્ષ સરકારની રચના કરે છે અને તેનાથી ઓછી બેઠકો મેળવનાર પક્ષ વિરોધ પક્ષનું સ્થાન ગ્રહણ કરે છે. વિરોધપક્ષનો દરજ્જો મેળવવા માટે સામાન્ય નિયમ એવો છે કે તેણે કુલ સભ્યસંખ્યાની દસ ટકા બેઠકો મેળવેલી હોવી જોઈએ. જોકે વિરોધપક્ષની માન્યતા અધ્યક્ષ આપી શકે છે. હાલની સોળમી લોકસભામાં માન્ય વિરોધપક્ષ અસ્તિત્ત્વ ધરાવતો નથી. સંસદના ઇતિહાસમાં કદાચ આવું પ્રથમ વખત બન્યું છે. અધ્યક્ષની ડાબી બાજુએ પ્રથમ હરોળમાં વિરોધપક્ષના નેતાને સ્થાન ગ્રહણ કરવાની જોગવાઈ છે. તેમને કેટલાક વિશેષાધિકારો પણ પ્રાપ્ત છે.

**(2) રાજ્યસભા :** બીજા ગૃહ કે ઉપલા ગૃહ તરીકે ઓળખાતા રાજ્યસભાના સભ્યોની ચૂંટણી રાજ્યની વિધાનસભાઓના સભ્યોનાં પ્રમાણસર પ્રતિનિધિત્વની પદ્ધતિ અનુસાર કરવામાં આવે છે.

બંધારણની જોગવાઈ અનુસાર રાજ્યસભાની અધિકતમ સભ્યસંખ્યા 250ની નક્કી કરવામાં આવી છે. બંધારણ એ સ્પષ્ટતા પણ કરે છે કે 250 સભ્યોમાંથી 12 સભ્યોની નિમણૂક કરવાની સત્તા રાષ્ટ્રપતિને છે. સાહિત્ય, વિજ્ઞાન, કળા, રમત અને સામાજિક સેવાનાં ક્ષેત્રે જે લોકો ખાસ જ્ઞાન ધરાવતા હોય અથવા તો વ્યાવહારિક અનુભવ ધરાવતા હોય તેવા લોકોમાંથી 12 સભ્યોની નિયુક્તિ કરવામાં આવે છે. બાકી રહેલા 238 સભ્યો રાજ્યો તથા કેન્દ્રશાસિત વિસ્તારોના પ્રતિનિધિઓ તરીકે પરોક્ષ પદ્ધતિએ ચૂંટાઈ રાજ્યસભામાં બેસે છે.

દરેક રાજ્ય તથા કેન્દ્રશાસિત વિસ્તારોની તેમની વસ્તીના પ્રમાણમાં બેઠકો ફાળવવામાં આવે છે. આમ, દરેક રાજ્ય જુદી-જુદી સંખ્યામાં રાજ્યસભાના સભ્યોને ચૂંટે છે. દરેક રાજ્યની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો પોતાના રાજ્યના ફાળે આવેલ સંખ્યા જેટલા રાજ્યસભાના સભ્યોને ચૂંટે છે. આમ, રાજ્યસભાના સભ્યો પરોક્ષ ચૂંટણી દ્વારા ચૂંટાય છે. જ્યારે કેન્દ્રશાસિત વિસ્તારો માટે સંસદ કાયદા દ્વારા નક્કી કરે તે રીતે રાજ્યસભાના સભ્યો પસંદ થાય છે.

### સભ્યપદની લાયકાતો

રાજ્યસભાના સભ્ય બનવા આ પ્રમાણેની લાયકાતો નક્કી કરવામાં આવી છે : (i) તે ભારતનો નાગરિક હોવો જોઈએ.

(ii) ઓછાંમાં ઓછાં 30 વર્ષની વય હોવી જરૂરી છે. (iii) કેન્દ્ર કે રાજ્યસરકારમાં સવેતન હોદ્દો ધરાવતો હોવો જોઈએ નહિ. (iv) લોકસભાના ઉમેદવાર માટે જે લાયકાતો નક્કી કરવામાં આવી હોય તે તમામ તે ધરાવતો હોવો જોઈએ. (v)કોઈ પણ નાગરિક રાજ્યસભા તથા લોકસભાનું સભ્યપદ એક સાથે ધરાવી શકે નહિ જો કોઈ નાગરિક બંને ગૃહમાં ચૂંટાય તો તેણે કોઈ પણ એક ગૃહના સભ્યપદનો ત્યાગ કરવો પડે છે. (vi) તે અદાલત દ્વારા અસ્થિર મગજનો કે નાદાર ઘોષિત થયેલ ન હોવો જોઈએ.

**કોરમ :** રાજ્યસભામાં કુલ સભ્યોમાંથી ઓછામાં ઓછા $\frac{1}{10}$ ભાગના સભ્યો હાજર હોય તો જ સભામાં કામકાજ થઈ શકે છે. આ સંખ્યાને 'કોરમ' અથવા કાર્યસાધક સંખ્યા કહે છે.

**ગૃહની મુદત :** રાજ્યસભા એ કાયમી ગૃહ છે તેનો અર્થ એવો થયો કે, આ ગૃહનું ક્યારેય પણ વિસર્જન થતું નથી કે સંપૂર્ણપણે બરખાસ્ત થતું નથી. આ ગૃહના સભ્યો છ વર્ષ માટે ચૂંટાય છે. દર બીજા વર્ષે ગૃહમાંથી તેના $\frac{1}{3}$ ભાગના સભ્યો નિવૃત્ત થાય છે અને તેટલા જ પ્રમાણમાં નવી ચૂંટણીઓ થાય છે. આમ, સરવાળે નક્કી થયેલ સંખ્યા જળવાઈ રહે છે.

કોઈપણ સભ્ય સભાપતિની પૂર્વ પરવાનગી વિના સતત 60 દિવસ ગેરહાજર રહે, તો તેના સભ્યપદનો અંત આવે છે.

**બેઠક :** લોકસભાની જેમ રાજ્યસભામાં પણ વર્ષમાં બેવાર બેઠક બોલાવવાની હોય છે. બે બેઠકો વચ્ચે છ માસ કરતાં વધુ સમય પસાર થવો જોઈએ નહિ. જોકે આપણે ત્યાં વર્ષમાં ત્રણવાર બેઠકો બોલાવવાની પ્રથા છે.

**સભાપતિ :** રાજ્યસભાની કામગીરીનું સંચાલન કરવા માટે સભાપતિ (ચૅરમૅન) ની નિમણૂક કરવામાં આવે છે. બંધારણીય જોગવાઈ અનુસાર ભારતના ઉપરાષ્ટ્રપતિ (વાઇસ પ્રેસિડન્ટ) પોતાના હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિનો હોદ્દો સંભાળે છે. લોકસભાના અધ્યક્ષ (સ્પીકર)ની માફક રાજ્યસભાના સભાપતિ (ચૅરમૅન) ને પણ ગૃહમાં સરખા મત પડે ત્યારે પોતાનો 'નિર્ણાયક મત' (કાસ્ટિંગ વોટ) આપવાની સત્તા છે.

જ્યારે ગૃહમાં સભાપતિ ગેરહાજર હોય ત્યારે ગૃહની કાર્યવાહીનું સંચાલન ઉપસભાપતિ સંભાળે છે. રાજ્યસભાગૃહના સભ્યો પોતાના સભ્યોમાંથી જ ઉપાધ્યક્ષ ચૂંટી કાઢે છે. ઉપાધ્યક્ષ રાજીનામું આપીને અથવા સભ્યપદ ગુમાવતાં હોદ્દા પરથી દૂર થાય છે. ગૃહના સભ્યો ચૌદ દિવસની લેખિત નોટિસ આપીને બહુમતીથી ઠરાવ પસાર કરી તેમને હોદ્દા ઉપરથી દૂર કરી શકે છે.

સામાન્ય રીતે સંસદના બંને સભાગૃહો પોતાનું કાર્ય સ્વતંત્રપણે બજાવે છે પણ તેમની વચ્ચે મતભેદ ઊભા થાય ત્યારે સંયુક્ત બેઠક બોલાવવાની જોગવાઈ છે. 1961માં દહેજ પ્રતિબંધક ધારા અંગે પડેલા મતભેદના ઉકેલ માટે આવી પ્રથમ જ વાર સંયુકત બેઠક બોલાવવામાં આવી હતી. જોકે ત્યાર બાદ આવી સંયુક્ત બેઠકો ક્યારેક જ બોલાવવામાં આવી છે.

રાજ્યસભાના સભ્યોની સલામતી અને માન જાળવી શકાય તે માટે તેમને લોકસભાના સભ્યોની જેમ જ કેટલાક વિશેષાધિકારો પ્રાપ્ત છે.

સંસદના બીજા ગૃહ એવા રાજ્યસભાની ઉપયોગિતા કે તેના મહત્ત્વ વિશે અવારનવાર સવાલો ઊભા થતાં રહે છે. મોટાભાગનાં લોકશાહી રાજ્યોમાં ધારાસભાના બીજા ગૃહનું સ્થાન પ્રથમ ગૃહના સ્થાન કરતાં ગૌણ જ રહ્યું છે.

**આવાસ તેમજ વેતન-ભથ્થાં :** સંસદના બંને ગૃહના સભ્યોને કાયદા દ્વારા વખતોવખત યોગ્ય વેતન-ભથ્થાં અને આવાસ તેમજ વાહન-વ્યવસ્થાની સવલતો આપવામાં આવે છે.

**(બ) રાજ્યકક્ષાએ ધારાસભા :** આપણા બંધારણમાં કલમ 168થી કલમ 193 દ્વારા રાજ્યોની ધારાસભાઓ અંગેની જોગવાઈઓનો ખ્યાલ આપવામાં આવ્યો છે. કેન્દ્રમાં જેમ સંસદ છે તેવી જ રીતે રાજ્યોમાં ધારાસભાની વ્યવસ્થા કરવામાં આવી છે. આમ કેન્દ્ર અને રાજ્યકક્ષાએ ધારામંડળની સમાન પદ્ધતિ સ્વીકારવામાં આવી છે. પરંતુ આપણે ત્યાં દરેક રાજ્યની ધારાસભા દ્વિગૃહી નથી. કેટલાંક રાજ્યોમાં તે એક ગૃહી છે તો કેટલાંક રાજ્યોમાં તે દ્વિગૃહી છે. આંધ્રપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ,

તમિલનાડુ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને ઉત્તર પ્રદેશમાં દ્વિગૃહી ધારાસભાઓ અસ્તિત્વમાં છે. જ્યારે ગુજરાતમાં એકગૃહી ધારાસભા છે.

જે રાજ્યની ધારાસભા દ્વિગૃહી હોય તેના પ્રથમ ગૃહને વિધાનસભા (લેજિસ્લેટિવ એસેમ્બલી) અને બીજા ગૃહને વિધાન પરિષદ (લેજિસ્લેટિવ કાઉન્સિલ) તરીકે ઓળખવામાં આવે છે. જે-તે રાજ્યની ધારાસભાના બહુમતી સભ્યોના ઠરાવ દ્વારા રાજ્યને એકગૃહીમાંથી દ્વિગૃહી કે દ્વિગૃહીમાંથી એકગૃહી કરી શકાય છે. જ્યારે આવો ફેરફાર થાય ત્યારે તેને બંધારણીય સુધારા ગણવામાં આવતા નથી અને તેને સામાન્ય કાયદાની માફક જ પસાર કરવામાં આવે છે.

### વિધાનસભાની રચના

રાજ્યની વિધાનસભા રાજ્યના લોકોની ઇચ્છાનું પ્રતિબિંબ પાડે છે. લોકસભાની માફક વિધાનસભાની રચના પણ પ્રત્યક્ષ ચૂંટણી દ્વારા કરવામાં આવે છે. પુખ્તવય મતાધિકાર ધરાવતા મતદારો પોતપોતાના મતદાર વિભાગમાં ચૂંટણી લડતા ઉમેદવારોમાંથી પોતાને યોગ્ય લાગે તે ઉમેદવારને મત આપે છે. સૌથી વધારે મત મેળવનાર ઉમેદવાર ચૂંટાઈને વિધાનસભાનો સભ્ય બને છે. જેને આપણે ધારાસભ્ય તરીકે ઓળખીએ છીએ.

બંધારણની જોગવાઈઓ અનુસાર આમ તો વિધાનસભાના સભ્યોની સંખ્યા વસ્તીના ધોરણે નક્કી થતી હોય છે. તેમ છતાં પણ તેમના પર મર્યાદા મૂકવામાં આવી છે અને તે મુજબ ધારાસભ્યોની સંખ્યા ઓછામાં ઓછી 60 તેમજ વધુમાં વધુ 500ની રાખી શકાય છે.

બંધારણની કલમ 333 ની જોગવાઈ અનુસાર જો રાજ્યપાલને એમ જણાય કે એંગ્લોઇન્ડિયન સમુદાયને વિધાનસભામાં પ્રતિનિધિત્વની જરૂર છે અને તેને યોગ્ય પ્રતિનિધત્વિ મળ્યું નથી. તો તે સમુદાયના એક સભ્યની નિમણૂક તેઓ કરી શકશે. આ પ્રકારની નિમણૂક કરવાની સમયમર્યાદા બંધારણના અમલથી દસ વર્ષ માટે રાખવામાં આવી હતી. સાથે-સાથે અનુસૂચિત જાતિઓ તથા અનુસૂચિત જનજાતિઓ માટેની અનામત બેઠકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. પરંતુ તે પછી દર દસ વર્ષે બંધારણમાં સુધારો કરી આ સમયમર્યાદા દસ-દસ વર્ષ વધારવામાં આવી છે.

### ગૃહની મુદત

બંધારણની જોગવાઈઓ અનુસાર લોકસભાની માફક રાજ્યોની વિધાનસભાની મુદત પણ પાંચ વર્ષની રાખવામાં આવી છે. કટોકટી અથવા તો ખાસ સંજોગોમાં આ મુદતમાં એક વર્ષનો વધારો કરી શકાય છે.

#### સભ્યપદ માટેની લાયકાતો :

બંધારણની કલમ 173 દ્વારા વિધાનસભા અને વિધાનપરિષદના સભ્ય માટે નીચે પ્રમાણેની લાયકાતો નક્કી કરવામાં આવી છે :

(i) ભારતનો નાગરિક હોવો જોઈએ. (ii) વિધાનસભાના સભ્ય બનવા માટે નાગરિકની ઉંમર ઓછામાં ઓછી 25 વર્ષની અને વિધાન-પરિષદના સભ્ય બનવા માટે નાગરિકની ઉમર 30 વર્ષની હોવી જોઈએ. (iii) આ અંગે સંસદ દ્વારા જે લાયકાતો નક્કી થાય તે, ધરાવતો હોવો જોઈએ.

### સત્ર બોલાવવું, સત્ર મુલતવી રાખવું, સત્રનું વિસર્જન કરવું

બંધારણીય જોગવાઈ અનુસાર વિધાનસભાનાં સત્રો સામાન્ય રીતે વર્ષમાં બેવાર બોલાવવાના હોય છે અને બે સત્રો વચ્ચે છ માસ કરતા વધુ સમય પસાર થવો જોઈએ નહિ. આપણે ત્યાં સંસદની જેમ વિધાનસભાનાં સત્રો પણ વર્ષમાં ત્રણવાર બોલાવવાનો શિરસ્તો છે. આ સંદર્ભમાં રાષ્ટ્રપતિને જે સત્તાઓ છે તેવા જ પ્રકારની સત્તાઓ રાજ્યમાં રાજ્યપાલને છે. રાજ્યપાલને સત્રો બોલાવવાનો, સત્રોની મુદતમાં વધારો કે ઘટાડો કરવાનો તેમજ સત્રને મુલતવી કે બરખાસ્ત કરવાનો અધિકાર છે.

### રાજ્યપાલનું સંબોધન

રાજ્યપાલ રાજ્યની વિધાનસભાના દરેક ગૃહને અથવા તો તેના બંને ગૃહની સંયુક્ત બેઠકને સંબોધી શકે છે. રાજ્યની ધારાસભામાં પસાર થયા ન હોય તેવા ખરડાના સંદર્ભમાં અથવા અન્ય સંદેશાઓ મોકલી શકે છે. અને તેના પર સંબંધિત ગૃહ ઝડપથી ધ્યાન આપે છે. વિધાનસભાની સામાન્ય ચૂંટણી પછી પ્રથમ સત્રના પ્રારંભે રાજ્યપાલ વિધાનસભાને સંબોધે છે.

વિધાનસભાની પાંચ વર્ષની મુદત દરમિયાન જો રાજ્યપાલને એમ જણાય કે રાજ્યની વિધાનસભા બંધારણીય રીતે ચાલી શકે તેમ નથી તો તેવા સંજોગોમાં રાષ્ટ્રપતિને પોતાનો અહેવાલ મોકલે છે. અને બંધારણની કલમ 356 અનુસાર રાજ્યમાં રાષ્ટ્રપતિશાસન લાગુ કરવાની ભલામણ કરે છે. પરિણામે ત્યાં નવેસરથી ચૂંટણી યોજવામાં આવે છે.

### કોરમ (કાર્યસાધક સંખ્યા)

અગાઉ જોયું તે મુજબ ગૃહની કુલ સભ્યસંખ્યાના દસમા ભાગની સંખ્યાને કોરમ કહે છે. કોરમની સંખ્યા જેટલા સભ્યો ગૃહમાં હાજર ન હોય તો સભાપતિ કે અધ્યક્ષ દ્વારા ગૃહને કાં તો સ્થગિત કરવામાં આવે છે અથવા તો કોરમ સધાય ત્યાં સુધી બેઠકને મોકૂફ રાખવામાં આવે છે.

દા.ત., ગુજરાત વિધાનસભામાં કુલ સભ્યસંખ્યા 182 છે તેથી 19 સભ્યોની હાજરી કોરમ માટે જરૂરી ગણાય.

### અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષ

આગળ આપણે લોકસભાના અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષ અંગે વિગતે ખ્યાલ મેળવ્યો. તેમના માટે જે જોગવાઈઓ કરવામાં આવી છે તેવી જ જોગવાઈઓ વિધાનસભાના અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષ માટે કરવામાં આવી છે. તેથી આપણે તે વિશે પુનરાવર્તન કરીશું નહિ.

### વિધાનસભાની સત્તાઓ

વિધાનસભાનું સ્થાન તેમજ તેનું મહત્ત્વ લોકસભા જેવું જ છે. તેની સત્તાઓ નીચે મુજબ છે :

**(1) ધારાકીય સત્તા :**

(i) વિધાનસભાની ધારાકીય સત્તાઓ ઘણી વ્યાપક અને પરિણામલક્ષી છે.

(ii) તે રાજ્ય યાદીના 66 અને સંયુક્ત યાદીના 47 વિષયોમાંથી કોઈ પણ વિષય ઉપર કાયદો ઘડી શકે છે.

(iii) કટોકટીના સંજોગોમાં આ ગૃહની સત્તાઓ ઉપર રાષ્ટ્રપતિ નિયંત્રણ મૂકી શકે છે. સામાન્ય સ્થિતિમાં આ ગૃહ અસરકારક અને નિર્ણાયક સત્તાઓ ધરાવે છે.

**(2) નાણાકીય સત્તા :**

(i) વાર્ષિક અંદાજપત્ર (બજેટ) અને કોઈ પણ નાણાકીય ખરડો પ્રથમ આ ગૃહમાં જ રજૂ થાય છે.

(ii) નાણાકીય બાબતોમાં આ ગૃહનો જ મહત્તમ પ્રભાવ હોય છે. તેણે પસાર કરેલા આવા ખરડા ઉપર રાજ્યપાલે સહી કરવી જ પડે છે.

(iii) ખરડો નાણાકીય છે કે બિનનાણાકીય તે માટે વિધાનસભાના અધ્યક્ષનો જ નિર્ણય અંતિમ ગણાય છે.

**(3) કારોબારી સત્તા :**

(i) સંસદીય પ્રથાની પ્રણાલી અનુસાર વિધાનસભામાં બહુમતી પ્રાપ્ત કરનાર પક્ષ કે પક્ષોનું સંયુક્ત મંત્રીમંડળ રચાય છે.

(ii) સંયુક્ત જવાબદારીના સિદ્ધાંત મુજબ મંત્રીમંડળે વિધાનસભાનો વિશ્વાસ વ્યક્તિગત કે સામૂહિક સ્વરૂપે જાળવી રાખવા અનિવાર્ય હોય છે.

(iii) સમગ્ર મંત્રીમંડળ એક ટીમ તરીકે સામૂહિક રીતે વિધાનસભાને જવાબદાર હોય છે.

(iv) વિધાનસભાના સભ્યો રાજ્યના મંત્રીમંડળ સામે અવિશ્વાસની દરખાસ્ત બહુમતીથી પસાર કરે તો સમગ્ર મંત્રીમંડળે રાજીનામું આપી દેવું પડે છે.

(v) વિધાનસભાના સભ્યો વહીવટને લગતા તેમજ અગત્યની નીતિવિષયક બાબતોને લગતા પ્રશ્નો કે પેટા પ્રશ્નો મંત્રીઓને પૂછી શકે છે અને આ રીતે તેમના પર અંકુશ રાખે છે.

(vi) વિધાનસભાની વિવિધ સમિતિઓ જેવી કે, જાહેર હિસાબ સમિતિ, અંદાજ સમિતિ, જાહેર સાહસોની સમિતિ, વિશેષાધિકાર સમિતિ વગેરેના માધ્યમ દ્વારા મંત્રીમંડળ પર લગામ રાખવામાં આવે છે.

(vii) ધારાસભ્યો હોદ્દાની રૂએ જિલ્લા આયોજન સમિતિ, સંકલન સમિતિ, નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતના સહ સભ્યો તરીકે રાજ્યના વહીવટમાં રસ લે છે.

આમ, વિધાનસભાના સભ્યો વિધાનસભાની અંદર તેમજ બહાર રહીને પણ સતત સક્રિય રહી શકે છે અને રાજ્યના વિકાસમાં યોગદાન આપે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :**

(1) લોકસભાની રચના વર્ણવો.

(2) રાજ્યસભાની રચના વર્ણવો.

(3) વિધાનસભાની રચના વર્ણવો.

(4) કાયદા-ઘડતરની પ્રક્રિયા જણાવો.

(5) વિધાનસભાની સત્તાઓ જણાવો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) ધારાસભાનાં કાર્યો

(2) લોકસભાના અધ્યક્ષનાં કાર્યો

(3) વિરોધપક્ષના નેતા

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં (પાંચથી સાત વાક્યોમાં) જવાબ આપો :**

(1) વિધાનસભા અને વિધાનગૃહના સભ્યોની સભ્યપદ માટેની યોગ્યતાઓ જણાવો.

(2) સંસદનાં બંને ગૃહોના સભ્યપદ માટેની લાયકાતો જણાવો.

(3) ધારાસભાના પ્રકારો જણાવો.

(4) સંસદ સભ્યોના વિશેષાધિકાર જણાવો.

(5) ધારાસભાનું મહત્ત્વ જણાવો.

**4. નીચેના પ્રશ્નોનાં એક-બે વાક્યમાં જવાબ આપો :**

(1) કયા-કયા ગૃહનાં વિસર્જન થતાં નથી ?

(2) આપણા દેશમાં કયા રાજ્યની વિધાનસભાની મુદત છ વર્ષની છે ?

(3) કયા સંજોગોમાં લોકસભાની મુદતમાં એક વર્ષનો વધારો થાય છે ?

(4) ધારાસભાનું મુખ્ય કાર્ય કયું છે ?

(5) કાર્યસાધક સંખ્યા એટલે શું ?

**6. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો :**

(1) લોકસભાની સમયમર્યાદા કેટલી છે ?

(અ) 3 વર્ષ (બ) 4 વર્ષ (ક) 5 વર્ષ (ડ) 6 વર્ષ

(2) કયા ગૃહનું વિસર્જન થઈ શકે છે ?

(અ) લોકસભા (બ) રાજ્યસભા (ક) વિધાનપરિષદ (ડ) ઉમરાવસભા

(3) ધારાગૃહોમાં કોનું સ્થાન ખૂબ અગત્યનું છે ?

(અ) વિરોધપક્ષના નેતા (બ) ન્યાયાધીશ (ક) સચિવ (ડ) ઉપસચિવ

(4) 'કાસ્ટિંગ વોટ' આપવાની સત્તા કોણ ધરાવે છે ?

(અ) રાષ્ટ્રપતિ (બ) વડાપ્રધાન (ક) ન્યાયાધીશ (ડ) ધારાસભાના અધ્યક્ષ

(5) મહાભિયોગની કાર્યવાહી કરવા કોણ સક્ષમ છે ?

(અ) સંસદ (બ) સર્વોચ્ચ અદાલત (ક) વડીઅદાલત (ડ) વિધાનસભા

(6) સંસદમાં ત્રણેય વાચનમાંથી પસાર થયેલા ખરડા પર કોની સહી થતાં ખરડો કાયદો બને છે ?

(અ) રાષ્ટ્રપતિ (બ) ઉપરાષ્ટ્રપતિ (ક) વડાપ્રધાન (ડ) અધ્યક્ષ

(7) લોકસભામાં ખરડો કઈ સમિતિ સમક્ષ રજૂ કરાય છે ?

(અ) પ્રવર (બ) ન્યાયકીય (ક) સામાજિક (ડ) નાણાકીય

(8) કયું ગૃહ કાયમી છે ?

(અ) રાજ્યસભા (બ) લોકસભા (ક) વિધાનસભા (ડ) ગ્રામસભા

**પ્રવૃત્તિ**

- વિધાનસભા અને લોકસભા રાજ્યસભાની કાર્યવાહીની પ્રત્યક્ષ મુલાકાત.
- સ્થાનિક સંસદસભ્યનો વાર્તાલાપ યોજવો.
- લોકસભાના અધ્યક્ષ, ઉપાધ્યક્ષશ્રીઓની નામાવલિનો ચાર્ટ બનાવો.
- શાળામાં મૉક ધારાસભાનું આયોજન કરવું.
- મતદાન-પ્રક્રિયાની વિગતો એકઠી કરવી.

●